Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ શ્રાવણ

## શ્રી પાર્શ્વજિન સ્તવન

( રાગ-વિભાસ )

દેખો ભવિ જિનજી કે યુગ
ચરન-કમળ નીકે – દેખો૦ આંકણી
જિમ ઉદયાચળ ઉદય ભયો રવિ,
તિમ નખ માનક કે – દેખો૦ (૧)
નીલોત્પલસમ શોભ ચરણ છબી,
રિષ્ટ રતન હુ કે – દેખો૦ (૨)
સુરભિ સુમનવર[1] યક્ષકર્દમ કર[2],
અર્ચિત દેવન કે દેખો૦ (૩)
નિરખ ચરન મન હરખભયો અતિ,
વામાનંદન કે – દેખો૦ (૪)
ચિદાનંદ અબ સફલ મનોરથ,
સફળ ભયે મન કે – દેખો૦ (૫)

લેખક : પ. પૂ. ચિદાનંદજી મહારાજ સા.

૧. સુગંધી શ્રેષ્ઠ પુષ્પ
૨ ચંદન, કેશર, બરાસ, અમર, કસ્તુરી, ગોરૂચંદન, રતાંજળી, હિંગલોક, મરચકંકોળ, સોનાનો વરગ-(નો બને છે). માણેક-લાલ છે. શિષ્ટરત્ન-શ્યામ છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૮૦ ] ઓગષ્ટ : ૧૯૮૩ [ અંક : ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પુષ્ટ |
|---|---|---|---|
| ૧ | પદ ૪૫ મું | પરમ પૂજ્ય શ્રી ચિદાનંદજી | ૧૬૯ |
| ૨ | લલિતાંગ દેવ | — | ૧૭૦ |
| ૩ | જૈન ધર્મની ગાળ ગાથી | લે. પૂર્ણાનન્દવિજયજી ( કુમાર-શ્રમણ ) | ૧૭૩ |
| ૪ | તરંગવતી | મૂળકર્તા : પૂ. પાદ લિપ્તાચાર્ય સંક્ષેપકર્તા : પૂ. નેમિચંદ્ર ગણિ. | ૧૭૬ |
| ૫ | પર્યુષણના પવિત્ર દિનોમાં મમતા ધરીએ ! ક્રોધાગ્નિમાં બળ્યા-ઝળ્યા | — | ૧૮૦ |
| ૬ | સુવિશુદ્ધ સંયમી શાસન રક્ષક જૈનાચાર્યો.... | મુનિશ્રી હરિભદ્રસાગરજી મહારાજ સા. | ૧૮૨ |
| ૭ | જૈન સમાચાર | — | ૧૮૪ |


## માંડવી (કચ્છ) ખાતે યોજનારો પાંચમો જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અખિલ ભારતીય અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના ઉપક્રમે શુક્રવાર, શનિવાર અને રવિવાર, તા. ૨૩, ૨૪ અને ૨૫મી સપ્ટેમ્બર ૧૯૮૩નાં રોજ માંડવી (કચ્છ) ખાતે પાંચમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે વિધ્વાનોને જૈન ધર્મ, તત્વજ્ઞાન, સાહિત્ય, સ્થાપત્ય-શિલ્પ અને ઇતિહાસ-પુરાતત્વ અંગે પોતાના સંશોધન-લેખો મોડામાં મોડા તા ૩૧-૮-૧૯૮૩ સુધીમાં સંયોજક જૈન સાહિત્ય સમારોહ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦-૦૩૬એ સરનામે મોકલી આપવાની જૈન સાહિત્ય સમારોહના સંયોજક ડો. રમણલાલ ચી. શાહે વિનંતી કરી છે. વધુમાં એમણે વિધ્વાનો અને રસજ્ઞોને આ સમારોહમાં સક્રિય રીતે ભાગ લેવાની પણ વિનંતી કરી છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૪૦૦-૦૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ શ્રાવણ : ઓગષ્ટ-૧૯૮૩ [ અંક : ૧૦


## પદ ૪૫મું

(રાગ-કાફી)

**લે. પરમ પૂ.શ્રી ચિદાનંદજી**

અલખ લખ્યા કિમ જાવે હો, ઐસી કોઉ જુગતિ બતાવે;
અલખ લખ્યા કિમ જાવે. આંકણી

તનમન વચનાતીત ધ્યાન ધર અજપા જાપ જપાવે;
હોય અડોલ લોલતા ત્યાગી, જ્ઞાન સરોવર ન્હાવે હો, ઐસી૦ ૧

શુદ્ધ સ્વરૂપમેં શકિત સંભારત, મમતા દુર વહાવે;
કનક ઉપલ મલ ભિન્નતા કાજે, જોગાનળ સળગાવે હો૦ ઐસી૦ ૨

એક સમય સમ શ્રેણી રોપી, ચિદાનંદ ઇમ ગાવે:
અલખ રૂપ હોઈ અલખ સમાવે, અલખ ભેદ ઇમ પાવે હો૦ ઐસી૦ ૩

ભાવાર્થ: પ. પૂ. ચિદાનંદજી મ. સા. પૂછે છે કે અલક્ષ એવા આત્માનું સ્વરૂપ શી રીતે કહ્યું જાય-એવી કોઈ યુક્તિ બતાવે છે?

( અનુસંધાન પાના ૧૭૨ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લલિતાંગ દેવ

## પૂર્વાનુવૃત્તિ

ફરીને દ્રશ્ય બદલાયું. આવા મહાન દારિદ્રયમાં સ્વયંપ્રભા કેવી રીતે જીવતી રહી, કેવી રીતે નાગિલાએ સ્તન દુગ્ધ ધારા દ્વારા તેને શ્વાસો શ્વાસ લેતી બનાવી તે હું જાણી શકયો નહી...

પરંતુ જોયું કે સાત વર્ષની બાલિકા નિર્નામિકા છાણ ઉઠાવી મોદીની દુકાન સન્મુખ ઉભી હતી. ત્યાં બીજા બાળક-બાલિકાઓને લાડુ ખરીદી, ખાતા જોઇને તેના મનમાં લાડુ ખાવાની ઇચ્છા થઈ. કોડી વગર લાડુ મળે નહિ–તે વાત તે જાણતી હતી. તેથી દોડીને માતા પાસે ગઈ, કહ્યું, "માં, મને એક કૌડિ આપ મારે મોદક ખરીદી ખાવો છે.

નાગિલા માટીની હાંડલીમાં શાક બનાવી રહી હતી. તેની વાત સાંભળી તે જલી ઊઠી. દાંત ભીસીને બોલી. "કમભાગી મરતી પણ નથી. તારો બાપ ઘરમાં શું એક પણ કૌડી રાખી ગયો છે કે તું મોદક ખરીદી ખાઈ શકે? મોદક ખરીદવાનું શું તારૂં નસીબ છે? જો મોદક ખાવાની ઇચ્છા હોયતો અમ્બર તિલક પહાડ પર જા. ત્યાંથી લાકડા લાવી વેચી, કૌડી મેળવ."

અગ્નિ સમાન માતાના, જવાળામય વાકય સાંભળી, નિર્નામિકાની આંખોમાંથી અશ્રુધારા વહેતી બની. તે રોતી રોતી, ગોબર ઊઠાવી ચાલી નીકળી.

° • °

ફરી દ્રશ્ય પલટાયું હવે નિર્નામિકાની ઊંમર સોળ(૧૬) વર્ષની થઈ હતી. જુવાની આવતાં, જુવાનીની લાલીમા અને માધુર્ય, તેના કપાળ ઉપર ઉપસ્યા નહતા તેની કેશ રાશિ રૂક્ષ અને પીળી બની હતી. લાકડી સરખો દેહ હતો. અમ્બરતિલક પહાડ પરથી લાકડાનો ભારો ઉઠાવી પહાડ ઉતરતી હતી. પર્વતના શિખર પર જવાના મુખ્ય માર્ગ ઉપર પહોંચતા તેણે જોયું કે રસ્તે અનેક માનવીઓ શિખર પર ચઢી રહ્યા હતા. ઘણો સમય તે જોતી રહી, પછી એક વ્યક્તિને પુછયું, "ભાઇ! તમે લોકો કયાં જાઓ છો?

તેણે કહ્યું, "બહેન! યુગન્ધર નામના મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. તેમના દર્શનાર્થે જઇએ છીએ."

તેણે કહ્યું, "ભાઇ હું ત્યાં આવું તો કશી મુશ્કેલી નથીને?

ના, બહેન! આપત્તિ શાની?

તે સાંભળી નિર્નામિકાએ મસ્તક પરનો ભાર નીચે ફેંકી દીધો. લોકોની પાછળ, પર્વત પર ચઢવાનું શરૂ કર્યું.

એક વિશાળ શિલાખંડ પર કેવલી યુગન્ધર સ્વામી બેઠા હતા. તેમના દેહમાંથી પ્રકાશ પ્રસરી રહ્યો હતો. દૂર ઉભીને નિર્નામિકાએ પ્રણામ કર્યા. પછી નીચે બેસી, ઉપદેશ સાંભળવા લાગી. તેઓ શ્રી અમૃત તુલ્ય વાણીમાં ઉપદેશ આપી રહ્યા હતા. તે ઉપદેશ ધીમે ધીમે તેના અંતરમાં ઉતરવા લાગ્યો. તેમના ઉપદેશથી હજાર કિરણધારી સૂર્યના પ્રકાશથી કમળ વિકાસ પામે તેમ તેનું હૃદય વિકાસ પામ્યું. ઉપદેશના અન્તે કેવલી પ્રભુના ચરણમાં નમીને બોલી, "હે ભગવન્! દુનિયામાં મારા જેવી કોઇ દુઃખીયારી નહિ હોય. આપ મને આશ્રય આપો."

કેવલી ભગવંતના ઓષ્ટ ઉપર એક હાસ્ય ફરકી ઉઠયું. તેઓ બોલ્યા, "બહેન! કોણ કહે છે કે તું દુર્ભાગી છો? તું તો અખંડ સૌભાગ્યવતી છો તારા દુઃખના દહાડા ખૂબ ઓછા છે. તારૂં મલિન કર્મ નષ્ટ થઇ ગયું છે. તું આ પર્વતની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજી બાજુ, જ્યાં સુરભિ સરોવર છે ત્યાં કિનારા પર જઇ તપ કર. તારા મનોરથ પૂર્ણ થશે."

નિર્નામિકાએ કેવલી ભગવંતના ચરણમાં વન્દન કર્યા. પછી ચાલી નીકળી તેને ઘરનું કશું આકર્ષણ ન હતું. તેથી જે રસ્તેથી પહાડ પર આવી હતી. તેના વિપરીત પંથથી બીજી બાજુ પહાડ ઉતરવા લાગી.

મારી આંખો સન્મુખ સુરભિ સરોવર ખડું થયું. તે અચ્છોદ સરોવર જેમ કમળ, કુમુદ અને કલ્હારોથી પૂર્ણ હતું. વિકસેલા કમળના મધુ-બિન્દુ, જળ પર પ્રસરીને, મયુર પૂચ્છની ચંદ્રિકા સમાન, સરોવર સપાટીને રંગીન બનાવી રહ્યા હતા. સુગંધી પદ્મો ઉપર ભમરાઓની શ્રેણી શોભતી હતી. કમળોના મધપાનથી મસ્ત બનેલ. કલ હંસીઓના કોલાહલથી સરોવર ગુંજી રહ્યું હતું. ઉન્માદી સારસ પક્ષીઓના ક્રોંકારોથી વાયુ મંડળ વિંધાતું હતું. સારું એ સરોવર આ રીતે સુગંધથી પરિપૂર્ણ હતું. જાણે કે રાત્રિના સમયે સ્નાન કરતી વનદેવીઓના કેશમાં રહેલ પુષ્પોની સૌરભથી આ જળમાં સુગંધ ફેલાઈ રહી હતી.

નિર્નામીકાએ પૂર્વે આવું સરોવર જોયું ન હતું. નિર્નામિકા તે સરોવરને કાંઠે આવી ઉભી તેના હ્રદયમાં શાંતિ ઉભરાઇ તેના મનમાં અચ્છોદ સરોવરની સ્મૃતિ જાગૃત થઈ છે કે નહિ-તેની ખબર નથી પણ મરકત લીલી વનરાજી અને સુરભિત સરોવર નિહાળી તેના મનમાં ભાવ સ્થિર ચેતનાનું સ્ફુરણ થયું. મેં તેના મુખ-સામે જોયું. સ્વયંપ્રભાના મુળ સૌંદર્ય પાસે તેનું મુળ સૌંદર્ય કશી વિશાતમાં ન હતું. છતાં તેનું મલિન, સુકકુ મુખ મને આકર્ષતું બન્યું હું તેના પર પ્રેમ કરતો હતો-તેથી શું તેમ બન્યું હશે?

જે સુંદર છે, તે સૌને સુંદર લાગે છે-તે આજ સુધી નહોતો જાણતો પણ આજે મન એ બાબતનો સ્વીકાર ન કરી શક્યુ કે સૌંદર્ય વસ્તુ નિબદ્ધ છે. તેનું શુષ્ક મુખ. અને કંઠ મને આનંદ આપવા લાગ્યા. તેના રૂખા-સુખા વાળ આમ તેમ ઉડતા હતા. મલિન વસ્ત્ર આન્દોલિત હતા. હું એકીટશે તેની સામે જોઈ રહ્યો અને વિચારતો બન્યો કે પ્રેમનો પ્રભાવ કેટલો અસીમ છે? આ જ પ્રભાવ અસુંદરને સુંદર બનાવે છે અને ધૃણાપાત્રને મનોહર બનાવે છે.

દઢધર્મા બોલ્યો; "હે દેવ! આ જ યોગ્ય સમય છે. આપ અત્યારેજ મૃત્યુલોકમાં જઈ નિર્નામિકા સમક્ષ ઉભા રહો આપને જોઇને, આપની ઈચ્છાવાળી, મૃત્યુબાદ ફરી ઇશાન કલ્પમાં શ્રી પ્રભ વિમાનમાં તે ઉત્પન્ન થશે."

ત્યારે હું શ્રી પ્રભવિમાનથી મનના રથ દ્વારા ભૂતલ પર ઉતરવા લાગ્યો એક કમરામાંથી બીજા કમરામાં જવા માટે જેટલો સમય લાગે તેટલાજ સમયમાં ધાતકી ખંડના પૂર્વ વિદેહમાં આવેલ સુરભિ સરોવરના કાંઠે આવીને ઉભો મને જોઈને નિર્નામિકાના નેત્રો વિકસિત બન્યા દેહમાં સાત્વિક ફેરફાર જણાવા લાગ્યો. આંખો ભીની બની ગઇ તેણે બોલવાનો પ્રયત્ન કર્યો પણ બોલી ન શકી તેનો કંઠ અશ્રુથી રૂંધાઇ ગયો. મેં કહ્યુ, "સ્વયંપ્રભા, શું તૂં મને પીછાનતી નથી? હું તારો લલિતાંગ દેવ."

તેણે મને ઓળખ્યો કે નાહિ-તે ખબર નથી પણ તે મારી તરફ અનિમેષ દૃષ્ટિથી જોઈ રહી મને જોતી વખતે તેના પાંડુર ગાલો પર અનુરાગની લાલિમા છવાતી હતી બાષ્પયુક્ત ચક્ષુઓમાં પ્રેમ-વિકાર તરંગિત બન્યો હતો. કપાળ, મોતી સમ પસીનાના બિન્દુથી ભરાઈ ગયું હતું. મારાં મુખ ઉપરથી ચક્ષુ ઉઠાવી તે બોલવા લાગી. "દેવ, આપ કોણ છો તે હું જાણુતી નથી પરંતુ આપને જોઇને મને લાગે છે કે મારા જન્મ-જન્માંતર કૃતાર્થ બન્યા છે" મારા હૃદયની જવાલા શાંત બની છે. મને લાગે છે. કે મારો જન્મ નિરર્થક નથી. થોડા સમય પહેલાં, કેવળી ભગવંતે કહ્યું હતું કે તું અખંડ સૌભાગ્યવતી છે. તેનો અર્થ આજે મારી સમક્ષ સ્પષ્ટ બન્યો છે. હું સંસારના બન્ધનથી મુક્ત થવા આવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતી. પણ હવે તે અસત્ય જણાય છે. આપને જોઇને મને જે અનુરાગ થયો છે તે મને સત્ય અને સિદ્ધિનું સોપાન લાગે છે. આટલું બોલી તે અટકી.

તે નિરક્ષર ગ્રામ્ય બાળા હતી તે આટલી પ્રગલ્ભ કેવી રીતે બની? આશ્ચર્ય યુક્ત બની લજ્જાના ભારથી કેવી શરમંદી બની હતી! આ જોઇ મને ખૂબ આનન્દ થયો તે ધીમેથી બોલી "દેવ! આપ લલિતાંગ દેવ છો–તે હું સમજી પણ આપે મને સ્વયંપ્રભા કહીને બોલાવી તે વાત હું સમજી શકી નથી"

મેં કહ્યું, " નિર્નામિકા, અહીં તે જન્મ લીધો તે પૂર્વે સ્વર્ગમાં તુ શ્રી પ્રભવ વીમાનમાં મારી મહાદેવી સ્વયંપ્રભા હતી. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં ચ્યવીને કર્મના દોષથી નાગિલને ત્યાં જન્મ પામી, તારા વિયોગથી દુઃખી બની હુ તને અહિંથી શ્રીપ્રભ વિમાનમાં લઇ જવા આવ્યો છુ"

તે સાંભળી તેનું અનુરાગથી પ્રકાશિત મુખ તેજસ્વી બન્યું મારી સામે સજળ નેત્રોથી જોઇને બોલી " દેવ! હું કૃતાર્થ બની આપનો પ્રેમ મારા નિષ્ફળ જીવનની પરમ સાર્થકતા છે" આ પ્રમાણે કહીને, મને પ્રણામ કરીને, સરોવર પાસેના બકુલ વૃક્ષ નીચે આસન જમાવી આંખો બંધ કરી બેસી ગઇ. હું તેને તે સ્થિતિમાં જોતો રહ્યો. તે સમયે મને તે પવિત્રતાની મૂર્તિ સમી, ભક્તિના સ્રોત વહાવનારી, શ્રદ્ધાની નિર્ઝરિણી સમાન લાગી. થોડા સમય પૂર્વે કમળ પત્ર પર રહેલ નિશ્ચલ બગલાને જોઇને લાગ્યું હતું કે તે મરકત પાત્રમાં રક્ષિત શંખ સુકિત છે. હવે લીલા વન્ય મધ્યે બેઠેલી નિર્નામિકા મને તેવીજ લાગી ચોમેર, સમય, મુહૂર્ત, કાલ ઝરવા લાગ્યા. પણ તેને કશાનો સ્પર્શ થયો નહિ. તે નીલ કમળ સમય દેખાતી. પરંતુ તેના દેહમાં ચૈતન્યનું સ્ફૂરણ થતું ન હતું જાણે કે તેનું સમસ્ત અંતઃકરણ ગંભીર કેન્દ્રમાં નિમગ્ન બન્યું હતું. ક્રમશઃ તેણે શ્વાસને નિશ્વાસ રૂંધ્યાં.

આ રીતે કેટલી રાત્રિ કે દિવસો વિત્યા તે ખબર નથી. હું સાન ભાન ભૂલ્યો હતો. જ્યારે સભાન બન્યો ત્યારે આકાશ તરફ દષ્ટિ નાખી. સારુંએ આકાશ ચાંદનીથી ચમકી ઉઠયું હતું— જાણે ચંદ્રદેવે સુધા–વિલેપન ચૂર્ણનું પાત્ર ઉધું વાળ્યું હતું. તારલાઓનો ઝગમગાટ જોતાં લાગ્યું કે તે સુપ્તાવસ્થામાં છે અને કોઈ ક્ષણે પાસુ બદલતાં નીચે પડી જશે. સરોવરનું પાણી શાંત, નિસ્તરંગ હતું. જળમાં, સ્થળમાં આકાશમાં શબ્દ ન હતા.

"તિત્થયર"ના સૌજન્યથી.

---

( અનુસંધાન પાના ૧૬૯ નું ચાલુ )

આ આત્મા તન, મન, અને વચન એ ત્રણે યોગ વિના યોગાતીત ધ્યાનને ધારણ કરી, આત્માની અંદર ઉઠતા સોહં પદનો જાપ કરે છે. વળી સ્થિર થઇ, પુદ્ગલ પરની આસક્તિ તજી દઇને જ્ઞાનરૂપ સરોવરમાં સ્નાન કરે છે.

પછી શુદ્ધ સ્વરૂપમાં આવ્યો, સતો પોતાની અનંત શક્તિને સંભાળે છે. મમતાને દૂર ત્યજી દે છે. વળી આત્મરૂપ સુવર્ણને લાગેલ પથ્થરના મેલરૂપ કર્મસમુહને ભિન્ન કરી નાખવા માટે યોગાનલને પ્રજ્વલિત કરે છે કે જેથી આત્મા ઉપરનો કર્મમળ નાશ પામે છે.

પછી એક સમયની સમશ્રેણી માંડીને સિદ્ધસ્થાનમાં પહોંચી જાય છે. જે પોતે અલક્ષરૂપ વાળા થઈ અલક્ષને પોતામાં સમાવી દે છે. તે એ રીતે અલક્ષના મર્મને પામે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મની બાળપોથી ક્રમાંક-૭

લેખક : પં. પૂર્ણાનન્દવિજયજી (કુમાર શ્રમણ) વરલી

**રત્નત્રયી :–**

સમ્યગ્ અથવા મિથ્યા વિશેષણોથી વિશેષિત દર્શન-જ્ઞાન અને ચારિત્ર, નિગોદવર્તી જીવથી લઈને સિદ્ધાત્માઓ સુધીને હોય જ છે. મિથ્યાનો અર્થ વિપરીત, એટલે કે, ૧૪ રાજલોકમાં દ્રવ્ય-ગુણ અને પર્યાયો જે રૂપે વિદ્યમાન છે તેનાથી વિપરીતરૂપે જાણવું, જોવું તે મિથ્યા છે. કલ્પના કરવી અથવા ગુણ અને પર્યાયો, તથા સામાન્ય કે વિશેષ જીવાત્મા સાથે તાદાત્મ્ય સંબંધથી સત્તામાં રહેલા હોવા છતાં પણ સમવાયની કે સામાન્યથી વિશેષ અને વિશેષથી સામાન્ય ને સર્વથા પૃથક્ પૃથક્ માનવાના પ્રસંગોમાં મિથ્યા-દર્શન મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો પ્રત્યક્ષ પ્રભાવ દેખાઈ રહ્યો છે. જ્યારે વિજળીનો ચમકારો થતાં, અન્ધકારના પુદ્ગલ પરમાણુઓ જેમ પ્રકાશમય બનીને સૌને પ્રકાશિત કરે છે, તેવી રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં મિથ્યાત્વરૂપી અન્ધકાર, સમ્યગ્જ્ઞાનરૂપી પ્રકાશમાં ફેરવાઈ જાય છે. તે સમયે એટલે કે, બંને અવસ્થાઓમાં આત્માનો પરિવાર કેવો હોય છે? તે આ માસિકના 'મે' મહિનાના અંકમાં "આત્માનો કુટુંબ પરિવાર કયો?" નામના લેખમાં ચર્ચાઈ ગયો છે, જે 'ભગવતીસૂત્ર સારસંગ્રહ' ના ચોથા ભાગમાંથી ઉદ્ધરિત છે.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર ને 'રત્નત્રયી'ની ઉપમા દેવામાં આવી છે, જે આત્માના મૂળ ખજાના સ્વરૂપ છે. મહાપુણ્યોદયે મળેલા અથવા પુરૂષાર્થ બળે મેળવેલા ત્રણે રત્નોને સંભાળી રાખવા અને દિનપ્રતિદિન તેઓ શુદ્ધ-શુદ્ધતર અને શુદ્ધતમ બને તે માટેના પુરૂષાર્થ જ, પુરૂષાર્થ છે. હવે આપણે ત્રણેને ક્રમશઃ સમજવાનો પ્રયત્ન કરીએ.

**સમ્યગ્જ્ઞાન :–**

આત્માના સ્વતઃસિદ્ધ બધાય ગુણોમાં, સૂર્યની જેમ સ્વ-પર પ્રકાશક ગુણ કોઈ હોય તો, તે જ્ઞાનગુણ જ છે જે પોતે પોતાને પ્રકાશિત કરવાની સાથે સંસારના બધાય દ્રવ્યોને તથા પર્યાયોને પણ પ્રકાશિત કરે છે. તેથી જ જૈનદર્શનકારોએ "**स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्**" એટલે કે, સમ્યગ્જ્ઞાનને જ પ્રમાણ તરીકે સ્વીકારેલ છે, અથવા 'યથાર્થજ્ઞાનં પ્રમાણમ્' દ્રવ્યો જે પ્રકારે છે, તેમને તેવી રીતે જ જણાવનાર સમ્યગ્જ્ઞાન પ્રમાણ છે. સારાંશ કે, પ્રમાણની કોટિમાં સમ્યગ્જ્ઞાન સિવાય બીજા કોઈનો પણ નંબર લાગી શકે તેમ નથી. પૌદ્ગલિક-અર્થાત્ જેનાં નિર્માણમાં પુદ્ગલ પરમાણુઓ જ કામે લાગ્યા છે, તે શરીર, મન, ઇન્દ્રિયો અને મતિજ્ઞાનાવરણીય કર્મથી વાસિત-બુદ્ધિ, ઘટ-પટ વગેરે કોઈ પણ પદાર્થ એવો નથી જે સ્વપર પ્રકાશક હોય. આપણા શરીર સાથે લાગેલી 'આંખ' જે દ્રવ્યેન્દ્રિય હોઈને પૌદ્ગલિક છે. ત્યારે જ કોઈક સમયે તેમાં તેજનો સર્વથા અભાવ પણ હોઈ શકે છે, અથવા મોતી બીંદુ કે વીલીયા જેવા રોગોને કારણે પણ ચક્ષુ-જ્ઞાન બરાબર થઈ શકતું નથી. અથવા તે સ્વતઃ જડ હોવાથી કોઈ પણ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સમર્થ નથી. માટે એ નિશ્ચિત છે કે, પદાર્થ પરિજ્ઞાનમાં, અનંત શક્તિનો સ્વામી અને ચૈતન્યગુણ વિશિષ્ટ આત્મા પોતે જ્યારે જ્યારે ચક્ષુનો પ્રેરક બનશે ત્યારે જ રૂપનું ગ્રહણ શક્ય બનશે. બીજા કોઈ ચિંતનમાં એકરસ બનેલા આત્માને આંખો ઉઘાડી હોવા છતાં પણ સામે, પડખે કોણ ઉભો છે તેની ખબર મુદ્દલ પડતી નથી. આ પ્રમાણેનો સૌ કોઈનો અનુભવ જ કહી દે છે કે, આત્માની પ્રેરણા કે ઇચ્છા વિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચક્ષુ કંઇ પણ જોવાને માટે સમર્થ નથી. તે પ્રમાણે સ્પર્શ, રસ, શ્રવણ અને સૂંઘવામાં પણ નિયત થયેલી તે તે ઇન્દ્રિયો આત્મ પ્રેરિત થઇને સ્વકાર્યો કરે છે. '**स्वतन्त्रः कर्ता**' આ સૂત્રના અનુસારે પણ સ્પર્શ કરવાની, ખાવાની, સૂંઘવાની, જોવાની કે સાંભળવાની ક્રિયાઓને કરનારો આત્મા સર્વતંત્ર-સ્વતંત્ર છે. જ્યારે શરીર-મન કે ઈન્દ્રિયો ચૈતન્યરહિત હોવાથી કરણ છે. અને કરણ (સાધન) કર્તાને આધીન જ હોય છે. મકાનને જેમ બારીઓ હોય છે. જેનાથી સચેતન માણસ બાહ્ય દશ્યોને જોઈ શકે છે, તેવી રીતે શરીર એ મકાન છે અને પાંચે ઇન્દ્રિયોને બારીઓની ઉપમા આપી છે, જે 'જડત્વ' ધર્મના કારણે જડ હોય છે. કોઈ કાળે પણ કે કોઈના સામર્થ્યથી પણ જડ તત્ત્વો ચૈતન્ય બની શકે તેમ નથી. અન્યથા જડ અને ચેતન શબ્દોનો વ્યવહાર રહેશે પણ નહિ. જે સર્વથા અનિષ્ટ છે.

મન પણ પૌદ્ગલિક હોવાથી જડ છે. માટે જ આત્માથી પ્રેર્ય બનીને પ્રવૃત્તિશીલ બને છે. હવે આજ વાતને જૈન દર્શનકારોની ભાષામાં જાણી લઈએ :–

**(१) रूपादि उपलब्धिः सकर्तृका, क्रियात्वात् छिदेक्रियावत् यश्चास्याः कर्ता स आत्मा ।**

રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ આદિ ક્રિયાઓ, હોવાના કારણે, તે તે ક્રિયાઓને કરનારો આત્મા છે. જેમકે સુતાર વાંસલા વડે લાકડાને છેદે છે, તેમ આત્મા, સ્પર્શેન્દ્રિય વડે સ્પર્શની રસનેન્દ્રિય, વડે રસની, ઘ્રાણેન્દ્રિય વડે સૂંઘવાની, ચક્ષુરિન્દ્રિય વડે જોવાની તથા શ્રવણેન્દ્રિય વડે સાંભળવાની ક્રિયાઓ કરે છે. હરહાલતમાં પણ જડ ઇન્દ્રિયોમાં કર્તૃત્વધર્મ હોઈ શકે નહિ.

**(२) न चात्र चक्षुरादिनां कर्तृत्वं, तेषां कुठारादिवत् करणत्वेन अस्वतंत्रत्वत् ।**

કુહાડો જડ હોવાથી કરણ છે માટે મનુષ્યની સહાયતા વિના કોઇ કાળે પણ લાકડાને કાપી શકતો નથી. રેલગાડી કે વિમાન પોતાની મેળે નથી ચાલતા, તેવી રીતે પાંચે ઇન્દ્રિયો પણ સ્વતઃ કંઇપણ કરવા માટે સમર્થન હોવાથી તેમાં આત્માની જેમ કર્તૃત્વ ધર્મ હોતો નથી. પણ કુઠારાદિની જેમ કરણધર્મોપેત હોવાથી અસ્વતંત્ર છે.

**(३) करणत्वं चैषां पौद्गलिकत्वेनाचतेनत्वात् परप्रेर्यत्वात्कर्तृव्यापार निरपेक्ष प्रवृत्त्यभावात् ।**

ઇન્દ્રિયોમાં કરણત્વને સિદ્ધ કરવા માટે ત્રણ હેતુ આપવામાં આવ્યા છે.

(૧) પુદ્ગલ, પરમાણુ, સ્કંધ જડ જ હોય છે માટે તેમાંથી બનેલી ઇન્દ્રિયો પણ અચેતન (જડ) છે. તેથી જડ પદાર્થ પોતે કંઈ પણ કરી શકતો નથી. અન્યથા જમીન પર કે નદીમાં પડેલા પત્થરાઓ કે કારખાનાઓમાં રહેલા લોખંડના સળીઆઓ આખાય સંસારનો કચ્ચરઘાણ કાઢવા સમર્થ બની શકે છે.

(૨) ચેતન શક્તિસમ્પન્ન માણસથી પ્રેરણા પ્રાપ્ત કરતી હોવાથી ઇન્દ્રિયો પ્રેર્ય છે. પણ પ્રેરક નથી.

(૩) અને આત્માના ઉપયોગ વિના જડ પદાર્થોમાં પ્રવૃત્તિનો અભાવ હોવાથી તેમનામાં કરણધર્મની જ સિદ્ધિ થાય છે.

આમ છતાં પણ ઇન્દ્રિયોમાં કર્તાપણાનો સદ્ભાવ માનવાળાઓને સમઝુતિ આપતાં કહે છે કે :—

**यदि हि इन्द्रियाणामेव कर्तृत्वं स्यात्, तदा तेषु विनष्टेषु पूर्वानुभूतार्थस्मृतेर्मयादृष्टं, स्पृष्टं, घ्रातं, आस्वादितं श्रुतं, इति प्रत्ययानां एककर्तृकत्व प्रतिपत्तेश्चकुतः संभवः? किञ्च इन्द्रियाणां स्वस्वविषयनियतत्वेन रूपरसयोः साहचर्यप्रतितौ न सामर्थ्यम्, अस्ति च तथा विधफलादौ रूपग्रहणानन्तरं तत्सहचरितरसानुस्मरणात्दन्तोदकसंप्लवान्यथानुपत्तेः तस्मादुभयो-**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**र्गवाक्षयोरन्तर्गतः प्रेक्षक इव द्वाभ्यां इन्द्रियाभ्यां रूपरसयोर्दर्शी कश्चिदेको अनुमीयते ॥**

કદાચ ઇન્દ્રિયોમાં કર્તૃત્વ માનવાની ઉતાવળ કરીએ તો બીમારી આદિના કારણે તેમનો નાશ થયા પછી પણ મેં જોયું હતું, સ્પર્શ્યું હતું, સૂંઘ્યું હતું, આસ્વાદન કર્યું હતું, અને સાંભળ્યું હતું આ બધીય ક્રિયાઓનું એક કર્તૃત્વ કેવી રીતે બનશે ? અને બને તો છે જ. જેમકે, ખાનારો, સૂંઘનારો, જોનારો આદિ ક્રિયાઓને કરનારો હું જ છું. બીજી વાત એ છે કે ઇન્દ્રિયોના વિષયો નિયત છે જેમકે સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ કરવાનો, જીભને સ્વાદ કરવાનો, આંખને જોવાનો, કાનને સાંભળવાનો. આમાં કોઈનાથી ફેરફાર થઈ શકે તેમ નથી. તો પછી અ ધકારમાં રૂપ અને રસનું ગ્રહણ એક જ ક્ષણે કેવી રીતે થાય ? જેમ કે, કેરીનું રૂપ ગ્રહણ કર્યા પછી, ચાખ્યા વિનાજ દાંતોમાં પાણી કેમ આવે છે? જીભ ઇન્દ્રિયથી વિષય ( રસ ) ને ગ્રહણ કર્યા વિના જ દાંતોમાં આવતા પાણીનો અનુભવ સૌ કોઈ ને થાય છે, માટે બે બારી (ખીડકી)ની વચ્ચે બેઠેલા એક પ્રેક્ષકની જેમ આત્મા, પોતાના ધારણા જ્ઞાન દ્વારા રૂપ અને રસનું ગ્રહણ કરે છે.

આપણું શરીર પણ પૌદ્‌ગલિક હોવાથી, રથની માફક અચેતન છે. કેમકે-હિતકારી સાધનોનો સ્વીકાર અને દુઃખદાયી સાધનોનો તિરસ્કાર રૂપ ક્રિયાઓ જાણીબુઝીને પ્રયત્ન પૂર્વક જ કરાય છે. જેમ રથનો હાંકનાર સારથી પોતાની ઈચ્છા પ્રમાણે રથને હાંકે છે તેમ શરીરનો સંચાલક પણ આત્મા છે. આત્માથી પ્રેરણા પામેલું મન પણ પોતાની અભિમત ક્રિયાઓને જ કરતો હોવાથી પર પ્રેર્ય છે. જે પર પ્રેર્ય હોય તે કરણધર્મી જ હોય છે. નાનો બાલક પોતાના હાથમાં રહેલા ગોળા (દડા)ને જેમ પોતાની ઇચ્છા પ્રમાણે ફેરવે છે, તેમ આત્માથી પ્રેરાયેલું મન પણ કરણ હોવાથી સ્વતંત્ર નથી. 'દ્રવ્યાશ્રયા ગુણાઃ' આસૂત્રાનુસારે સુખદુઃખો પણ ગુણ હોવાથી સ્વતંત્ર નથી. કેમકે તેમનો સર્જનહાર અને ભોગવનાર શરીર નથી પણ આત્મા છે. ત્યારે જ, શરીર સુખી છે કે દુઃખી છે. આવો ભાષા વ્યવહાર કયાંય નથી. પણ હું સુખી છું, દુઃખી છું. આમ સૌ કોઈ બોલે છે, આમાં 'હુ' એટલે શરીર નહિ પણ આત્મા છે.

ઉપરના વિવેચનથી જાણી શકીએ છીએ કે 'આત્માની સાથે તાદાત્મ્ય સંબંધથી સંબંધિત સમ્યગ્‌જ્ઞાન' જ પ્રમાણ છે જેની હૈયાતીમાં આત્માને ઇન્દ્રો દ્વારા થતું વિષયજ્ઞાન પણ યથાર્થ થાય છે. અને તેમ થતાં અભિમત પદાર્થોને સ્વીકારવાની અને અનભિમત પદાર્થોને ત્યાગવાની શક્તિ પ્રાપ્ત થશે. જ્યાં સુધી જીવાત્માને આવું શુદ્ધજ્ઞાન નથી થતું, ત્યાં સુધી જ, ત્યાગ કરવા યોગ્ય પદાર્થોને અને ક્રિયાઓને કરતો રહે છે. તથા સ્વીકારવા યોગ્ય ક્રિયાઓથી દૂર ભાગે છે. શાસ્ત્રોમાં જ્ઞાનને સૂર્યની ઉપમા આપી છે તથા આત્માનો પરમ મિત્ર કહ્યો છે. જે સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર માટે થાંભલા રૂપ છે. જેમ થાંભલાના ટેકાથી મકાન ટકી રહે છે. તેમ સમ્યગ્‌જ્ઞાનની હાજરીમાં જ દર્શન અને ચારિત્ર દેદીપ્યમાન બને છે.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તરંગવતી

( ચાલુ )

સંક્ષેપકર્તા પૂ. નેમિચંદ્રગણિ મૂળકર્તા પૂ. પાદ લિપ્તાચાર્ય

શ્રી લૅાયમેનના જર્મન અનુવાદ ઉપરથી ગુજરાતી કરનાર નરસિંહભાઇ ઇશ્વરભાઈ પટેલ

પદ્મદેવ અને તરંગવતી સુખમાં દિવસો નિર્ગમન કરતા. આનંદ અને સ્નેહગાંઠ એકરૂપ બન્યાં હતાં.

કોયલ ટહુકારે વસંતને વધાવી, વનરાજીએ હર્ષમાં આવી પુષ્પોથી સત્કાર કર્યો. આ યુગલના હૈયે પ્રકૃતિ શોભા નિહાળવાની ઇચ્છા થઇ તેથી બાગમાં ફરવા નીકળ્યા.

પુણ્યાત્માઓને શુભ પ્રસંગની કમીના રહેતી નથી. ત્યાં એક અશોકવૃક્ષ તરફ દૃષ્ટિ પડી. નીચે પત્થર પર મુનિભગવંતને ધ્યાનમાં મગ્ન બનેલ જોયા. આનંદની એક લહેર ફરકી ગઈ. વિનય અને મર્યાદા–જીવનમાં તાણા–વાણા માફક ગુંથાયેલ. તેથી ફૂલ ઉપાનહ વગેરે દૂર કર્યા. વેગ વધારી, મુનિશ્રી પાસે પહોંચ્યા, પૂજ્યભાવથી શિર ઝૂકયાં. ધર્મમૂર્તિના ચરણમાં શ્રદ્ધાંજલી અર્પણ કરી. શાન્ત ચિત્તે બેઠા. મુનિશ્રીએ ધ્યાનથી મુક્ત થતાં, તેમના તરફ પ્રશાન્ત દૃષ્ટિથી જોયું. ત્યારે તેઓએ ખમાસમણ આદિથી વિધિપૂર્વક વંદન કર્યું, તપોગુણનો ઉત્કર્ષ ઇચ્છીને, તેમના શરીર અને જીવનયાત્રાના કુશળ પ્રશ્નો પૂછયા.

તેઓશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું–અતુલ તથા અક્ષય સુખ પમાય તેવું નિર્વાણસ્થાન તમને પ્રાપ્ત થાઓ. તરંગવતી તથા પદ્મકુમારે અતિ નમ્રભાવે તથા શ્રદ્ધાળુ હૃદયે, આશીર્વાદ મસ્તકે ચઢાવ્યો. પછી કલ્યાણકારક ધર્મનો ઉપદેશ આપવાની પ્રાર્થના કરી.

મુનિ ભગવંતે, જીવ–આત્માના બંધન અને મોક્ષ વિષે શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ઉપદેશ આપ્યો.

x x x

તેમના ઉપદેશથી તરંગવતી એક પ્રકારના આનંદમાં ડૂબી ગઇ. પદ્મકુમારે કહ્યું, "આપ જગતના બંધનથી મુક્ત થઇ ગયા છો ધન્ય છે આપને, આપે એ સાધના શી રીતે સાધી શકયા છો તે અમને કહો હે મહાત્મા ! મારી આ ઉત્કણ્ઠા માટે મને ક્ષમા આપશો."

તીર્થંકરોના ધર્મમાં પારંગત થયેલા મુનિશ્રીએ, પોતાના જીવનની કથા મીઠી અને શાંત વાણી વડે નીચે પ્રમાણે જણાવી.

સાપ, ચિત્તા અને જંગલી હાથીઓનું નિવાસ સ્થાન એવો વનપ્રદેશ હતો. તે પ્રદેશ ચંપાપ્રાન્ત ની ધારે પારધિઓનું નિવાસસ્થાન. વનના પ્રાણીઓનો સંહાર–એજ પ્રવૃત્તિ. તેમની નારીઓ હાથીદાંતમાંથી હથિયારો બનાવે. યુવાન કન્યાઓ રાતા રંગના વસ્ત્રો ધારણ કરે. ગત ભવમાં આ પારધિઓમાંનો એક–તે હું. હાથીઓના શિકારમાં મને મજા આવે. ખોરાકમાં માંસ મીઠું લાગે. મારા સાથીદારો મારા સફળ બાણવેધની પ્રશંસા કરે અને હું મરક મરક હસતો. વળી તેઓ મને સિદ્ધબાણુ કહેતા. મારા પિતા પણ કદી નેમ ચૂકતા નહિ. તેમને લોક વ્યાધરાજ કહેતા. મારી માતાને તેઓ 'વનસુંદરી' કહેતા, કેમકે તેને વનનું ભયંકર અને અભિમાન ભર્યું સૌંદર્ય હતું.

જુવાનીમાં એકવાર મેં મારૂં તીર એક હાથી ઉપર તાકયું. ત્યારે મારા પિતાએ મને શીખામણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપી. ટોળાનો નાયક હોય એવા ભવ્ય હાથીને તારે મારવો નહિ. બચ્ચાનું રક્ષણ કરવાને સ્નેહ-વશ થઇને ચાલતી હાથણીને બચાવવી જે બચ્ચું હજુ ધાવતું હોય તેને મારવું નહિ. નર અને માદા સ્નેહવશ કે કામવશ હોય તેમને વિખુટાં નહિ પાડવા–આ કુળ આચાર છે આ તું શીખી લે અને તારા પુત્રોને પણ શિખવજે.” આ ભાવનાથી હું ધંધો ચલાવતો.

સરખા ઘરની એક યુવાન અને સુંદર કન્યા સાથે મને પરણાવ્યો. તે મને સ્નેહાનંદ આપતી. રંગે શ્યામળી હતી. ચંદ્રના હાસ્યથી પ્રકાશ પામતું તેનું મુખ હતું. આંખો રાતા કમળ સરખી હતી. જુવાનીથી તેનો દેહ ઓપતો. મારી પારધણના મોહભર્યા આલિંગનથી છૂટી સવારે ઉઠતો. દેવીની પ્રાર્થના કરવા જતો. ખાનપાન કરી, લોહીથી ખરડાયેલ ધંધે લાગી જતો.

એક દિવસ ઉનાળામાં મેં ધનુષબાણ લીધાં. ભાથું લટકાવ્યું ને રસ્તે પડયો. વન હાથીની શોધમાં વનમાં રખડતો રખડતો ગંગા નદી સુધી પહોંચ્યો. સ્નાન કરી નીકળેલા પર્વત જેવા હાથીને દીઠો. તરત જ જીવન સંહારક તીર છોડયું. પણ તે ઊંચે ગયું હાથી બચી ગયો. પણ એક ચક્રવાક વિંધાઇ પડયો. તેની એક પાંખ તૂટી પડી. પળ-વારમાં જળ તટ ઉપર પડયો. પાણી રક્તથી રંગાયું. તેની નારી, રૂદન કરતી તેના કલેવર ઉપર ઉડવા લાગી તેથી મને પણ રડવુ આવ્યું. અરેરે! સ્નેહી જોડા ઉપર મેં આ શું દુઃખ આણ્યું! પતિને જીવંત માની, તેણે મારૂં બાણ ખેંચ્યુ. તેટલામાં હાથી અદૃશ્ય થઇ ગયો. મેં એ પંખીને રેતીના કિનારે મૂકયો. થોડીવારે સહાનુભૂતિ પૂર્વક તેનો અગ્નિ સંસ્કાર કર્યો. એટલામાં જ ચક્રવાકી સ્નેહ બંધથી તણાઈ તેમાં પડી અને બળી મૂઇ.

એ જોઇને મને ભયંકર પરિતાપ થયો. હું વિલાપ કરવા લાગ્યો. આવો ભયંકર વિહાર! કેવો તિરસ્કાર યુક્ત કુળ ધર્મ! આ જીવન કરતાં મરવું ભલું. મેં પણ અગ્નિમાં પડતું મૂકયું. પશ્ચાતપને લીધે, પ્રાપ્ત થયેલ શુભકર્મના ફળથી, નરકમાં જવાને બદલે, ગંગાના ઉત્તર કિનારે એક ધનવાન વ્યાપારીને ત્યાં મારો જન્મ થયો. મારૂં નામ રૂદ્રયશસ્ પડયું.

રિવાજ પ્રમાણે લેખન આદિ વિવિધ કળાઓ શિખ્યો. કમભાગ્યે, જુગાર તરફ હું ખેંચાયો. છળકપટમાં નિર્દય અને જીતવા માટે ગાંડો બની, સદ્ગુણોને વિસાર્યા. અંતે ચોરી કરવા લાગ્યો. ઘર ફાડવાં, યાત્રાળુઓને લૂંટવા એ મારો ધંધો થઇ પડયો. પરિણામે કુટુંબીજનોને નીચું જોવાનો પ્રસંગ આવ્યો. એકવાર ધન લૂંટવાના ઇરાદે તલવાર લઇ નીકળી પડયો. નગરમાં વાતની જાણ થઈ ગઇ. હવે સલામતી ન રહી. તેથી હું ખારીકવનમાં નાશી ગયો.

છેવટે વિંધ્યાચળની એક ગુફામાં પહોંચ્યો, ગુફાનું નામ હતું. સિંહગુફા. તેમાં વસવાટ હતો લૂંટારુઓનો.

નાયકનું નામ ભલ્લપ્રિય, સાથમાં ભાલો હોય જ. વળી હતો સાહસિક અને સર્પતુલ્ય ભયંકર. મને તની પાસે લઇ જવામાં આવ્યો. મારી સાથે તેણે માયાથી વાતચીત કરી. બીજાઓ પણ મારી સાથે આદરથી વર્ત્યા. તેથી આનંદથી ત્યાં રહેવા લાગ્યો. ઘણા ધીંગાણામાં મેં ખૂબ શૌર્ય બતાવ્યું. તેથી મારો મોભોને માન વધ્યાં. મારા સાથીદારો મને ‘શક્તિધર, નિર્દય’ જમ-દૂત કહેતા. શત્રુને હું ચીરી નાખતો. જુગારમાં મારી જાતને પણ મૂકતો. આ રીતે બહુ કાળ સુધી યમદેવના ખપ્પા હલાવ્યા.

એકવાર અમારી ટોળી નિત્ય કર્તવ્ય ઉપર ગઈ હતી. ત્યાંથી એક જુવાન જોડાને ઘેર લઈ આવી તેમને અમારા સરદાર પાસે આણ્યાં નાયકે યુવતીના રૂપ જોઇને, સુંદરીનો કાળીને ભોગ આપવો એમ નક્કી કર્યું તેમના દાગીના વગેરે લુંટી લેવામાં આવ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરદારે મને કહ્યું. "નવમીએ તેમનો ભોગ આપવાનો છે. તારે તેની ચોકી રાખવી. પછી બહાવરા બનેલ તેમને હું ઘેર લઇ આવ્યો પુરુષને મેં તાણીને બાંધ્યો. ત્યારે તેની સ્ત્રી ખૂબ રડવા લાગી. ત્યારે કેદ પકડાયેલ અન્ય સ્ત્રીઓએ પૃચ્છા-કરી ક્યાંથી આવો છો? કયાં જતા હતા? કેવી રીતે સપડાયાં?

આંસુભરી આંખે, ડુસકાં ખાતાં, ચકવાક પક્ષીના જીવનથી માંડી મનુષ્ય અવતાર અને પૂર્વભવના પ્રેમથી ભાગી નીકળ્યા-વગેરે જણાવ્યું

આ વર્ણનથી મારી પૂર્વભવની વાતો સાંભરી આવી હું બેભાન બન્યો. જ્યારે ભાન આવ્યું ત્યારે તે જોડા તરફ મારૂં હૈયું દયાથી અને ભલી લાગણીથી નરમ પડયું. હવે આ યુગલને ફરી મોતના જડબામાં કેમ ધકેલી શકું? કરેલ હિંસાનો બદલો જાનના જોખમે પણ આપવો જોઇએ.

પછી પુરુષના બંધ ઢીલા કર્યા. મેં કેડ બાંધી કટાર તથા તલવાર લીધી. રાત્રે જંગલ વટાવી તે બન્નેને ગામ સુધી લઈ આવ્યો. પછી સંસારથી વિરક્ત થઈ મેં વિચાર્યું લુટારૂઓ પાસે જવું તે તો યમદ્વાર ખખડાવવા જેવું થાય. વિલાસ વાસનાથી, જુગાર અને હિંસાથી થોકબંધ પાપ કર્યા છે. તેની નિર્જરા કર્યા વગર નરક દ્વાર જ મળે" એમ વીચારી હું ઉત્તર તરફ ચાલ્યો સંન્યસ્ત લીધુ અને વાસનાઓનો ત્યાગ કર્યો પછી પૂર્વતાલ નગરી નજીક પહોંચ્યો.

નગરની દક્ષિણ દિશામાં મદનવાટિકાથી અધિક સુંદર નંદનવનની તુલના પામી શકે તેવો બાગ નજરે પડયો તેમાં ધોળા વાદળામાંથી નીકળતા સૂર્યના વિમાન જેવું મંદિર દૃષ્ટિએ પડયું. લાકડાના કોતરકામવાળું અને સો થાંભલા ઉપર ઉભું કરેલું હતું. પ્રાંગણમાંજ યાત્રાળુઓથી ફુલ, પત્ર, ફળ, માળા અને ચંદનથી પૂજાયેલ વસ્રખંડોથી વિભુષિત ન્યગ્રોધ વૃક્ષ શોભી રહ્યું હતું. પ્રથમ મેં દેવમંદિરની પ્રદક્ષિણા કરી પછી પવિત્ર વૃક્ષ નીચે ઉભો.

નજીક ઉભેલા માણસને બાગ વિષે પૂછયુ તેણે કહ્યું, "આ બાગનું નામ શકટમુખ. પૂર્વે ઇશ્વાકુ કુળના મુકુટમણિ સમાન ઋષભ નામે નૃપતિ થઇ ગયા. જન્મ મરણની જાળમાંથી છૂટવા ઋદ્ધિ-સમૃદ્ધિનો ત્યાગ કર્યો. તપસ્યા તપતા હતા ત્યારે આ વૃક્ષ નીચે તેમને અનંત અને અક્ષય એવું કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તેથી જ આ પવિત્ર સ્થાનની પૂજા લોકો કરે છે. આ મંદિરમા યુગાધિદેવ ઋષભ તીર્થંકરની પ્રતિમા સ્થાપિત થએલી છે."

આ સાંભળી મેં વૃક્ષને તેમજ મંદિરને વંદના કરી. ત્યાર પછી મેં પુણ્યોદયે ધ્યાનસ્થ મુનિ ભગવંતને દીઠા. વંદન કરી, હાથ જોડીને હું બોલ્યો, "હે પરમપૂજ્ય! રાગ ને દ્વેષનો નાશ કરવા, પાપવૃત્તિથી નિવૃત્ત થવા, હું આપનો શિષ્ય થવા ઇચ્છું છું. તમારૂં શરણુ પામી, તરાશ."

મધુર વાણીથી તેઓ બોલ્યા, "મૃત્યુ સુધી સાધુનો ધર્મ પાળવો ને ભાર વહેવો-એ કંઈક કઠન છે." મેં ઉત્તર આપ્યો, "આનંદ, પવિત્રતા કે લાભની ઇચ્છાવાળા નિશ્ચય કરે તો તેને કશું વસમું નથી. ગૃહસ્થાશ્રમમાંથી નીકળી સાધુ જીવન ગાળવાનો મે નિશ્ચય કર્યો છે. કારણ કે તેથી જ દુઃખ ટળશે." પછી તમણે મને જન્મ-મરણમાંથી મુક્તિ અપાવનાર એવી વીતરાગ દીક્ષા આપી. સાધુધર્મ. પંચમહાવ્રત સ્વરૂપ છે. તેનું રહસ્ય, વિનય, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ સમ્યગ્-ભાષણ વગેરે આચાર વિચાર સમજાવ્યા. પછી આગમોનો અભ્યાસ કરાવ્યો. હું ઉત્તરાધ્યયન રૂપે ગણાતાં ૩૬ અધ્યયન શીખ્યો. આચારાંગસૂત્ર ભણ્યો. સૂત્રકૃત, સ્થાન, સમવાય નામના શાસ્ત્રો, ઉંડે ઉતરીને નિયમ પ્રમાણે શીખ્યો. કાલિકસૂત્રો અંગપ્રવિષ્ટ ગ્રંથો શીખ્યા બાદ પૂર્વગ્રંથોનો પણ બરાબર અભ્યાસ કર્યો. તેથી જગતના ભૌતિક અને મૌલિક સ્વરૂપનું મને જ્ઞાન થયું. આ રીતે બાર વર્ષ ભણવામાં અને સાથે સાથે સંસારના મોહ છોડવામાં ચાલ્યા ગયા. આમ સમ્યગ્જ્ઞાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને આત્મ સંયમ વડે આત્મકલ્યાણુ માર્ગે આગળ વધું છું અને લોકોને અનુત્તર ધર્મનો ઉપદેશ આપ્યા કરૂં. છું."

જયારે તરંગવતી અને પદ્મદેવે આ ખેદજનક અનુભવ સાંભળ્યો ત્યારે અનુભવેલું દુઃખ તાજું થયું. આંસૂ ભરી આંખે એક બીજા સામે જોયું. વીતેલા દુઃખનો વિચાર કરતાં તેમને સ્નેહ વિલાસ ઉપર ઉપરતિ થઈ. તેઓ પવિત્ર પુરુષને પગે પડયાં કરયુગલ જોડી તેમના એ જીવન તારકને કહ્યુ, "જે ચક્રવાકનું જોડું, માનવદેહમાં તમારા હાથે ઉગરી ગયું તે અમે પોતેજ છીએ તમે અમને જયારે જીવન આપ્યું ત્યારે તો હવે દુઃખ માંથી મોક્ષ પણ આપો તીર્થંકરોએ બતાવેલ માર્ગે અમને કૃપા કરી દોરો સાધુ જીવનના વિવિધ શાસનો અમારી જાત્રાનું ભાથું હો."

એ મહાસ્વમી બોલ્યા, 'ધર્મને જે આત્મિક બળ રાખી પાળે છે તે જરૂર બધાં દુઃખમાંથી મુક્તિ પામે છે જીવન ચંચળ છે અનેક વિઘ્નોથી ભરેલું છે. તેના પર વિશ્વાસ ન રાખવો. પરમાર્થિક કાર્ય માટે ક્ષણભરનો વિલંબ ન કરવો

તેમના શબ્દો સાંભળી તેઓ બન્નેને સંસાર ઉપર ક્ષોભ થયો. તેઓએ ત્યાંજ શણગાર ઉતારી દીધા દાસીઓને સોંપી, માતાપિતાને સમાચાર મોકલ્યા. સાથો સાથ સારા નરસા આચારથી કરેલ હેરાનગતિ માટે ક્ષમા–યાચના કરી.

ત્યારબાદ વાળનો લોચ કરી કહ્યું, "અમને દુઃખમાંથી મોક્ષ આપો." તેમણે અમારી પાસે સામાયિક વ્રત લેવરાવ્યું ત્યારે એક સાધ્વી એ સાધુના દર્શન કરવા આવી તપસ્યામાં તથા જ્ઞાન માં પ્રખ્યાત થયેલ સાધ્વી ચંદનાની શિષ્યા હતી તેણે ધર્મિષ્ઠ સાધુના અને એમના સાથના દર્શન કર્યા મુનિભગવંતે કહ્યું, "સંસારદુઃખથી વિરક્ત થતા આ સાધ્વીને તમારી શિષ્યા બનાવો." સાધ્વીએ પોતાની ખુશી બતાવી તરંગવતીએ પૂજ્ય ભાવથી સાધ્વીજીને નમસ્કાર કર્યા. અને તેમની સાથે ઉપાશ્રય તરફ રવાના થઇ

બીજે દિવસે પદ્મદેવ ગુરુદેવ સાથે પરિભ્રમણ કરવા નીકળી પડયા તરંગવતી તપસ્યામાં તથા સંસારત્યાગમાં દઢ થઇ પછી વિહાર કરતાં, રાજ ગૃહીમાં આવ્યા.


# પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : ભાવનગર : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણના પવિત્ર દિનોમાં સમતા ધરીએ !

## ક્રોધાગ્નિમાં બળ્યા–ઝળ્યાં

માનવીને ક્રોધ ચડે છે ત્યારે એ માણસ મટી જાય છે અને જાણે દાનવ બની જાય છે. અરે ! ક્રોધાગ્નિમાં જલતો માનવી જીવનને વ્યર્થ કરી નાંખે છે. ક્રોધ તો માનવીના હૈયામાં બેઠો જ છે માત્ર એને નિમિત્ત મળવું જોઇએ. પોતાનું અપમાન થાય, કોઈ પોતાનું બગાડી જાય, પોતા ઉપર કોઇની જોહુકમી થાય, અને કોઇ કારણે અંતર ઘવાઈ જાય, ત્યારે આવી પરિસ્થિતિમાં ક્રોધ ઉપસી આવે છે ઉશ્કેરાટમાં કાંઇ કરી બેસે છે કદાચ ખૂન કરવા સુધી પહોંચી જાય છે કહો કે માનવ દાનવ બની જાય છે. આમ બનતા માનવી વિચાર કર્યા વિના, સામાને થનાર નુકશાનની ગણતરી કર્યા વિના, આવેશમાં ને આવેશમાં અનેક અઘટિત કાર્યો કરી બેસે છે.

આવા ક્રોધી માણસો માટે પર્યુષણનું પવિત્ર પર્વ સવંત્સરી–દિન (ક્ષમાપના દિન) અમૃત સમાન નિવડે છે. માનવી શિતલતા અનુભવે છે. માનવીના ક્રોધ પર ક્ષમા–જળ પડે છે અને શાન્તિ પ્રવર્તે છે. પર્યુષણનું કે સંવત્સરી–દિનનું આ મહત્વ છે કે માનવી આવા પવિત્ર દિવસો દરમ્યાન પોતાનો ગુસ્સો કે આવેશ, સમજ પૂર્વક સમાવી દે છે અને શાન્ત રહે છે. અને એ દરમ્યાન માનવી પોતાનું પરિવર્તન લાવી શકે છે–કહો કે આત્મા જાણે બદલાયેલોજ બની જાય છે સંવત્સરી દિન આ રીતે માણસને ક્ષમા અને મૈત્રિના પાઠો શિખવી, સમતા અને શાન્તિ બક્ષે છે. આવા પર્વોમાં માનવીનો ક્રોધ, ગુસ્સો, આવેશ કે ઉશ્કેરાટ શાન્ત થઇ જાય છે કષાય–મુક્ત બને છે અને નમ્રતા અને સરળતા પ્રાપ્ત કરે છે. આવા ક્રોધાગ્નિનો સ્પષ્ટ ખ્યાલ આપવા અને ક્રોધી માનવી ભાઈ કે બહેન શું નથી કરી બેસતા એ સ્પષ્ટ કરવા એક દૃષ્ટાન્ત રજુ કરૂં છું.

અમદાવાદમાં પતાસાની પોળમાં, શાન્તિલાલ નામે એક વકીલ રહે છે. પોતાનું સુંદર ને વિશાળ મકાન છે. ભલામણ લઇને આવતા, પોતાનું મકાન વિશાળ હોઇ, તેમજ એક ભાગ ખાલી પડી રહેતો હોઈ, એક ભાઈને ભાડે આપ્યું. ભાડુઆત તથા મકાન–માલિક એક બીજા સાથે મળીને રહે છે. પરસ્પર સારા સંબંધો છે. એક દિવસ બન્યું એવું કે પાણીની અછતને કારણે ચકલીઓ (પાણીના) પર ભીડ જામી છે ભાડુઆત બાઈએ પણ પોતાનો વારો વહેલો આવે એ માટે પોતાનો હાંડો લાઇનમાં પહેલો ગોઠવી દીધો છે. પાણી આવવા લાગતા પેલી ભાડુઆત બાઇએ પોતાનો હાંડો ચકલી નીચે ગોઠવી દીધો. અડધો હાંડો ભરાયો હશે ત્યાં તેમના મકાન–માલિકણ આવી અને પોતે મકાન–માલિકણ હોઇ અને શ્રીમંતાઇના કેફમાં ભાડુઆત બાઇનો હાંડો ખસેડી પોતાનો હાંડો ગોઠવી દીધો. 'આમ કેમ કરાય ?' એમ કહી ભાડુઆત–બાઇએ વાંધો લીધો ત્યારે મકાન–માલિકણે કહ્યું કે 'મ્હારે ઉતાવળ છે અને તમે તો અમારા આશ્રયે છો. બોલોમા.' આમ બન્ને વચ્ચે ઘણી રમણઝીક અને માથાકુટ ચાલી પણ મકાન–માલિકણે દાદ દીધી નહિ. ભાડુઆત બાઈ આ અપમાન સહન કરી શકી નહિ. બબડતા–બબડતા ઘેર આવી, કેરોસીન છાંટી બળી મરવા પોતાના શરીર પર દિવાસળી ચાંપી અને મકાન–માલિકણને ગાળો દેવા મંડી. એટલે પેલી મકાન–માલિકણ પણ નીચે આવી. એટલે ભાડુઆત બાઇએ એને બાથ ભીડી લીધી અને કહી રહી–'હું તો મરૂં પણ ત્હને પણ મારૂં' ઘણા લોકોએ બન્નેને છુટી પાડવા ઘણી મહેનત કરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ પેલી બાઇએ એવી સખત બાથ ભીડેલ કે બન્ને છૂટા પડી શકે નહિ. કલાક બે કલાકે અગ્નિ શાંત થતાં બન્ને બેભાન બની ગઇ. એટલે એમને હોસ્પીટલમાં દાખલ કરી પરન્તુ દાઝ્યાનું પ્રમાણ વધારે હોઈ, સારવાર છતાં બન્ને મરણ પામી.

જોયું ! વાચક મિત્રો, ક્રોધ એવો ભયંકર અગ્નિ છે કે એના આવેશમાં આવી માનવી પોતે તો મરે પણ બીજાને પણ મારે છે. અગ્નિ તો મકાન કે માનવીને બાળે પણ ક્રોધાગ્નિ તો માનવીનું જીવન બરબાદ કરી દે છે.

એટલે જ આવા પર્વો યોજાયા છે જે માનવીને સજ્જનતા શિખવે છે. અને જીવનને આદર્શ બનાવવા પ્રેરણા આપે છે. એટલે જ પર્યુષણ પર્વ પણ માનવીને ઘણું બધુ શિખવી જાય છે. પર્વના પવિત્ર દિવસોમાં સંવત્સરી-દિને આપણે આરાધકો એનો સંદેશ ઝીલીએ અને શાન્તિ ને સરળતા ધારીએ ! અંતરની શુદ્ધિ કરીએ અને ક્રોધ, માન, માયા ને લોભ આદિ કષાયોથી મુક્ત થઇ, જીવન ઉજવીએ.

સંવત્સરી દિને ગુસ્સો, ઘમંડ, અભિમાન આદિ ત્યાગી, મૈત્રી અને ક્ષમાના જળમાં નાહી, સમતા ને સરળતા સાથે નમ્રતા પ્રાપ્ત કરીએ આવા પવિત્ર પર્વ આપણને મળ્યા છે, તો એને સાર્થક કરીએ અને જીવન ધન્ય બનાવીએ. ક્રોધને ક્રૂરતા માની ફગાવી દઇએ.




## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** લો તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** ( પૃષ્ઠ સંખ્યા-૨૨૪ ) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨** જો (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ -:

**શ્રી જૈન આત્માનંદ સભા**
ઠે. ખારગેટ : **ભાવનગર** : ( સૌરાષ્ટ્ર )

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુવિશુદ્ધ સંયમી શાસન રક્ષક જૈનાચાર્યો....

મુનિશ્રી હરિભદ્રસાગરજી મ. ( ગોધરા તીર્થ-કચ્છ )

ઈંદ્રો અને મહારાજાઓથી સેવિન ત્રિલોકનાથ, કરૂણાલકાર, શ્રી જિનેશ્વર ભગવંતોને કોટીશઃ નમસ્કાર હો.... જગતના મુગટ રૂપ શ્રી ઋષભદેવ ભગવાન અને ત્રણે લોકમાં તિલક સમાન શ્રી વીર ભગવાન જયવંતા વર્તો....! એજ એક તો ત્રિભુવન-પ્રકાશ દિનમણિ ( સૂર્ય ) છે અને અને બીજા જગતમાત્રના લોચન રૂપ છે.... ભગવાન શ્રી આદિનાથ વર્ષ સુધી અને મહાવીર પ્રભુ છ માસ સુધી આહાર પાણી વિના આ પૃથ્વી ઉપર વિચરેલા તો એ પ્રમાણે યથાશક્તિ આત્માર્થી સાધુઓએ પણ વર્તવું.... જેમ ત્રણે જગતના નાથ એવા શ્રી વીર પ્રભુએ નીચજનોએ કરેલા અનેક ઘોર ઉપસર્ગો સહન કર્યા તેમ સર્વ સાધુ નિગ્રંથોએ પણ સમતા પૂર્વક અનુકુળ-પ્રતિકુળ ઉપસર્ગો સહન કરવા... કલ્પાન્તકાળના પવનથી જેમ વિરાટ મેરૂપર્વત ડગતો નથી તેમ હજારો ગમે પ્રાણાન્ત ઉપસર્ગોથી શ્રી વીર ભગવાન ચલાયમાન થયા નહિં પ્રભુનું આવું અનુપમ ચરિત્ર સાંભળીને સજ્જનો એ પણ વિશેષ સાવધાન થઈ ધર્મ માર્ગે ડગવું નહિં....

શ્રી જિનેશ્વર ભગવંતોની આજ્ઞા પ્રમાણે વર્તનારા અને શાસનના મહાન કાર્યો કરાવનારા ધર્મગુરૂ-આચાર્યોના મુખ્ય ગુણો કેવા હોવા જોઈએ તે શાસ્ત્રકારોએ દર્શાવેલ અહિં નીચે પ્રમાણે છે....

પ્રતિરૂપ-જેમની મુખ મુદ્રા દેખીને ગૌતમ સ્વામિ પ્રમુખ મહામુનિવરોનું સ્મરણ થઈ આવે એવા.... તેજસ્વી-જેમના તેજ પાસે પાખંડી લોકો કેવળ અંજાઇ જાય એવા પ્રકૃષ્ટ પ્રતાપી....જુગ પ્રધાનાગમ-જેમની તોલે વર્તમાન સમયમાં કોઈ આવે નહિં. એવા જ્ઞાની-ધ્યાની....મધુર વાચી-જેમની વાણી દૂધ-સાકરથી કે મધથી પણ મીઠી મધુરી હોય જેથી શ્રોતાજનોને બહુ જ પ્યારી ને મનનીય લાગે.... ગંભીર-ગમે તેવી મર્મની-વાતને જીરવી શકે તેવા ગુણ રત્નોથી ભરેલા સાગર જેવા ધૃતિમાન-મહાધીરજ ધરનારા ને અપૂર્વ સંતોષવાલા... ઉપદેશપર-ભવ્ય સત્વોને સદુપદેશવડે શુદ્ધ અને સરલ એવો મુક્તિમાર્ગ બતાવવામાં તત્પર....અપરિશ્રાવી આલોચના લેનારે પોતે પ્રકાશેલા અકૃત્યને કોઇ પાસે પણ પ્રગટ ન કરે તેવા.... સૌમ્ય-ચંદ્રની જેવા શીતળ સ્વભાવી ને પ્રશાન્ત પ્રકૃતિ યુક્ત એવા.... સંગ્રહશીલ-ગચ્છના, સમુદાયના હિતને માટે જોઇતાં ઉપકરણોનો સંગ્રહ કરી મૂર્છા રહિત તેના સદુપયોગ કરનાર.... અભિગ્રહમતિ-વિધવિધ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-અને ભાવ ભેદે અભિગ્રહને ધારણ કરનારા.... અવિકત્થણો-સ્વ પ્રશંસા કે પર નિંદાદિકને નહિ કહેનાર ધર્મ-શાસન વ્યાપારમાં જ સદા રત સાવધાન રહેનાર.... અચપલ જેમણે મન-વચન અને કાયાની ચંચલતા-ચપળતા નિવારી છે ને સ્થિરવંત થયેલા છે....પ્રશાન્ત હૃદય જેમનું હૃદય ક્રોધાદિક કષાયોની કલુષતાથી વિશેષ મુક્ત થયું છે એવા ૧૩-૧૪ શુદ્ધ ગુણો શાસ્ત્રોક્ત જૈનાચાર્ય ધર્માચાર્યમાં અવશ્ય હોવા જ જોઈએ. તારક શ્રી જિનેશ્વર ભગવંતો ભવ્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવોને મોક્ષમાર્ગ બતાવીને પોતે અજરામર પદને પામી સદાને મુક્તિનિલયમાં બિરાજ્યા છે તેથી વર્તમાન સમયે તીર્થંકર ભગવંતોની ગેરહાજરીમાં સકલ શાસન-સંઘ ઉપરોક્ત ગુણોથી યુક્ત એવા જૈનાચાર્યોના આધારે ચાલે છે.... જેમ દેવતા-ગણને ઇન્દ્ર મહારાજા આનંદદાયી ને નમનીય છે, ગ્રહ ને તારા સમુહને વિષે જેમ ચંદ્ર સુખદાયી છે, પ્રજાગણને જેમ રાજા-મહારાજા આનંદાયી ને તેમજ સાધુ સમુદાયને આચાર્ય ગુરૂમહારાજ નમનીય છે. વંદનીયને આદરણીય હોય છે...રાજા બાળ વયમાં હોય તો પણ જેમ પ્રજા તેનો પરાભવ કરતી નથી તેમ ગુરૂ મહારાજ વયમાં લઘુ હોય તો પણ તેમને આગળ કરીને જ સુસાધુઓ વિચરે છે. શ્રી ગુરૂ મહારાજની હિતશિક્ષા વિના સ્વછંદપણે સ્વકપોલ કલ્પિત વર્તન વડે શી રીતે પરભવનું હિત થઈ શકે! આત્માર્થી-મોક્ષાર્થીજનોએ તો અવશ્ય જૈનાચાર્ય ગુરૂનું આલંબન લેવું જ જોઈએ...જે ગુરૂનું માન નથી રાખતા તથા અહંકારી, કૃતઘ્ન-અવિનિત, ગર્વિષ્ટ અને અનમ્રપુરુષ સાધુજનમાં નિંદાપાત્ર અને જગમાં પણ હેલના યોગ્ય થાય છે... જેમ રાજા-મહારાજાની આજ્ઞાને પ્રજાજનો ને મંત્રીવરો માથે ચડાવી પ્રમાણ કરે છે તેમ શ્રોતાજનો-જૈનોએ ગુરૂ મહારાજના મુખમાંથી નિકળેલા પ્રામાણિક વાકય બે હાથ જોડીને પ્રમાણ જ કરવા જોઈએ....


श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् (अष्टमोऽध्यायः)

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે પ્રાચીન પાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરુદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

**Price Rs. 25-00** Dolar 5-00 **Pound 2-10**

પ્રાપ્તિ સ્થાન

**શ્રી જૈન આત્માનંદસભા, ખારગેટ, ભાવનગર**



## સાધર્મિક ભક્તિનો અનેરો લાભ

રૂા. દશહજાર આપનાર તરફથી દરરોજ એક સાધર્મિક ભક્તિનો લાભ લઈ શકાય છે તો અપૂર્વ લાભ લેવાનું ચૂકશો નહિ.

**વારૈયા જૈન ભોજનશાળા-ભાવનગર.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## શૈક્ષણિક પ્રવૃત્તિ

ભાવનગરની વિદ્યાર્થી આલમ સુમાહિતગાર છે. આ સંસ્થા કોલેજના જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપે છે. ઉપર્યુક્ત વિદ્યાર્થીઓનો અભ્યાસ રૂકાવટ ન પામે, અધવચ ન રહી જાય તે માટે શિષ્યવૃત્તિ આપે છે. છેલ્લા આઠ વર્ષથી આ પ્રવૃત્તિ ચાલે છે. આ વર્ષે અઢારસો રૂપિયા શિષ્યવૃત્તિ રૂપે અપાયા છે.

આ બાબતમાં પેટ્રન સાહેબો, આજીવન સભ્ય ભાઈઓ તથા દીલાવર દાતાને અમે નમ્ર વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આપ સહુ આ પ્રવૃત્તિને વેગ આપવા અને અવિરતપણે ચાલુ રાખવા યથાશક્તિ સહાય રૂપે રકમ સંસ્થાને મોકલે, કેમકે સંસ્થા પાસે આ માટેનું ફંડ ઓછું છે અને દરેક વર્ષે તેમાં સારો એવો ઘટાડો થાય છે.

આ મદદથી સાધર્મિક બંધુઓના સંતાનો અભ્યાસ કરી, ભાવી જીવન ચલાવવા પગભર બને છે. તેથી સમાજને પણ સારો એવો લાભ થાય છે. વળી વિદ્યા-દાન શ્રેષ્ઠ છે. તો આપ સહુ અમારી આં નમ્ર વિજ્ઞપ્તિ ધ્યાનમાં લઈ યોગ્ય કરી આભારી કરશોજી.

## શ્રી જૈન આત્માનંદ સભાની વર્ષગાંઠ જેઠ સુદ-૨

સંસ્થાનો સ્થાપના દિન ઉજવવાની પ્રથા સર્વત્ર અસ્તિત્વ ધરાવે છે. પણ આ સંસ્થા દ્વારા તે દિવસે સભ્યો તીર્થસ્થળની યાત્રા કરે, ભાવપૂર્વક ભક્તિ કરે, સંગીત સાથે પૂજા ભણાવે, આ રીતે ધર્મ ક્રિયા દ્વારા અમૂલ્ય લાભ મેળવે તે માટે ઉજવણી તીર્થ સ્થળમાં જ રખાય છે. ઘણે અંશે તે માટે તાલધ્વજગિરિ પ્રથમ પસંદગી પામે છે. ભાવનગરથી બહુ દૂર નહિ હોવાથી, તેમજ બસની સારી સુવિધા હોવાથી સારી સંખ્યામાં આજીવન સભ્યો ભાગ લે છે. દર વર્ષે સંખ્યા વધતી રહે છે તેથી આ ઉજવણી સારી રીતે ઉજવાતી રહે તે માટેની વિચારણા એરણ પર મૂકાઈ.

તરત જ તે વિચારણા આવકાર પામી, તેની ફળશ્રુતી રૂપે—

શ્રીમાન્ ચુનિલાલ રતિલાલ સલોત તથા તેમના ધર્મપત્ની જસુમતિ ચુનિલાલ રૂા. ૨૦૦૧) અનામત ફંડ (ઉજવણીના) માટે જાહેર થયા.

માતુશ્રી અંજવાળી બહેન વચ્છરાજભાઈ તથા ભૂપતરાય નાથાલાલ (મહાવીર કોરપોરેશન, દરબારગઢવાળા) તરફથી રૂા. ૨૫૦૦) જાહેર થયા.

શ્રી રતિલાલ છગનલાલ તળાજાવાળા હઃ ધનવંતરાય રતિલાલ શાહ (અંબિકા સ્ટીલ માર્ટ વાળા) તરફથી રૂા. ૫૦૦) જાહેર થયા.

ઉપર્યુક્ત રકમ અનામત ફંડમાં મૂકાતાં, વ્યાજની રકમ સારી થશે અને શાનદાર ઉજવણી થશે.

તે માટે દાતાઓને ધન્યવાદ આપીએ છીએ. તેમજ સંસ્થા પ્રત્યેની હાર્દિક ભાવના માટે આભાર માનીએ છીએ. તેમજ શુભ કાર્યની અનુમોદના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન

**મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના**

વરદ્‌હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્‌ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

બહાર પડી ચુકેલ છે **જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત–શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.

કિંમત રૂા. ૮-૦૦ (પોસ્ટ ખર્ચ અલગ)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ:૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only